આઈડીએફસી ફર્સ્ટ બૅંક ફોરેક્સ કાર્ડનો ઉપયોગ કરતાં પહેલાં નીચેના નિયમો અને શરતો ધ્યાનપૂર્વક વાંચો. કાર્ડના ઉપયોગ દ્વારા તમે આ નિયમો અને શરતોનું પાલન કરવાની મંજૂરી આપો છો, અને સંબંધિત આરબીઆઈ નિયમો, આરબીઆઈના એક્સચેન્જ કંટ્રોલ નિયમો, ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 ("એક્ટ"), એક્ટ અંતર્ગત સમયે સમયે સુધારેલ/બદલાયેલ/લાગૂપાત્ર તમામ લાગૂપાત્ર શરતો અને કાયદાઓ અને સમયે સમયે સંબંધિત અધિનિયમોનું પાલન કરવાની ખાતરી આપો છો.

વ્યાખ્યાઓ:

1. **એટીએમ**: વૈશ્વિક વિઝા લોગો પ્રદર્શિત કરતી અન્ય બૅંકના શેર કરેલ નેટવર્ક દ્વારા સંચાલિત ઑટોમેટેડ ટેલર મશીન.
2. **કાર્ડ**: આઈડીએફસી ફર્સ્ટ બૅંક લિમિટેડ દ્વારા ફાળવવામાં આવેલ આઈડીએફસી ફર્સ્ટ બૅંક ફોરેક્સ કાર્ડ.
3. **કાર્ડધારક**: બૅંકના ગ્રાહક જેને કાર્ડ ફાળવવામાં આવ્યું હોય તેને સૂચિત કરે છે. પુલ્લિંગમાં કરવામાં આવેલ તમામ સંદર્ભોમાં સ્ત્રીલિંગ પણ સામેલ છે.
4. **આઈડીએફસી ફર્સ્ટ બૅંક**: તે આઈડીએફસી ફર્સ્ટ બૅંક લિમિટેડ તરફ ઈશારો કરે છે જે કંપનીઝ એક્ટ, 2013 અંતર્ગત નોંધાયેલ એક કંપની છે, અને બૅંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 અંતર્ગત એક બૅંકિંગ કંપની છે, જે કેઆરએમ ટાવર, 79, નં. 1 હેરિંગટન રોડ, ચેન્નાઈ, ભારત ખાતે તેની રજીસ્ટર્ડ ઑફિસ ધરાવે છે. ("આઈડીએફસી ફર્સ્ટ બૅંક" અથવા "બૅંક")
5. **"મર્ચન્ટ' અથવા "મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ્સ":** આનો અર્થ છે ક્યાંય પણ સ્થિત એવા સંસ્થાપનો જે કાર્ડને સ્વીકાર કરે છે/માન્ય રાખે છે અને જેમાં કાર્ડને માન્ય રાખતા સ્ટોર, દુકાનો, રેસ્ટોરન્ટ્સ, એરલાઈન, સંસ્થાઓ વગેરેનો સમાવેશ થાય છે.
6. **પિન:** કાર્ડના પ્રબંધન માટે ગ્રાહકને આપવામાં આવેલ સ્વ-સહાય વેબ પોર્ટલ લિંક પરથી કાર્ડધારક દ્વારા જનરેટ કરવામાં આવેલ વ્યક્તિગત ઓળખ નંબર (પર્સનલ આઈડેન્ટિફીકેશન નંબર)
7. **પીઓએસ ટર્મિનલ:** મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ્સ ખાતે વેચાણના ઈલેક્ટ્રોનિક ટર્મિનલ્સ (પોઈન્ટ ઑફ સેલ) (ભારત, નેપાલ અને ભૂતાન સિવાય), જે લેવડદેવડને પ્રોસેસ કરી શકે છે, અને જ્યાં, અન્ય વસ્તુઓ ઉપરાંત, કાર્ડધારક ખરીદી કરવા માટે તેના ટ્રાવેલ ફંડનો ઉપયોગ કરી શકે છે.
8. **શેર્ડ નેટવર્ક**: એવા એટીએમ જે આઈડીએફસી ફર્સ્ટ બૅંકની માલિકીના નથી, પરંતુ જ્યાં આઈડીએફસી ફર્સ્ટ બૅંક દ્વારા ફાળવવામાં આવેલ કાર્ડ સ્વીકાર્ય છે.
9. **લેવડદેવડ**: કાર્ડના ઉપયોગથી એટીએમ ખાતે રોકડ ઉપાડ અને/અથવા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ અને/અથવા ઈ-કોમર્સ સાઈટ પર કરેલ ખરીદી.

કાર્ડ માટે પાત્રતા

1. આઈડીએફસી ફર્સ્ટ બૅંકમાં બચત ખાતું ધરાવનાર કોઈપણ કોઈપણ ભારતીય નાગરિક ભારતમાં આઈડીએફસી ફર્સ્ટ બૅંકની કોઈપણ શાખા દ્વારા કાર્ડની ફાળવણી માટે અરજી કરી શકે છે.
2. કાર્ડની ફાળવણી કાર્ડના અરજદાર દ્વારા લાગૂપાત્ર કાયદાઓ(ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ, 1999 સહિત), શરતો, નિયમો અને રીઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા અથવા કોઈપણ કાયદા અંતર્ગત અન્ય માન્ય સત્તા દ્વારા સમયે સમયે જારી કરવામાં આતા આદેશોની જોગવાઈના પાલનને આધીન છે.
3. કાર્ડ માટે અરજી કરનાર વ્યક્તિએ આઈડીએફસી ફર્સ્ટ બૅંક દ્વારા આવશ્યક યોગ્ય રીતે સહી કરેલ અરજીપત્ર પૂરું ભરવું અને જમા કરવાનું અને ત્યારબાદ આઈડીએફસી ફર્સ્ટ બૅંક દ્વારા જરૂરી અથવા આવશ્યક તમામ આવા દસ્તાવેજો જમા કરવાના રહેશે.

માન્યતા

પ્રિન્ટીંગ(મહિનો/વર્ષ)ની તારીખથી 5 વર્ષના ગાળા માટે કાર્ડ માન્ય ગણાશે અને ટ્રાન્સફર કરી શકાશે નહીં

કાર્ડને સક્રિય કરવું

1. એલઆરએસ (લિબરલાઈઝ્ડ રેમિટન્સીસ સ્કીમ)ની મર્યાદાની અંદર લેવડદેવડ, બૅંકની કેન્દ્રિય કાર્યકારી ટીમ દ્વારા મંજૂરી, ગ્રાહકના ખાતામાંથી રકમનો સફળ ઉપાડ અને કાર્ડમાં લોડ કરવામાં આવેલ ચલણ સહિત તમામ શરતો પૂરી થયા બાદ કાર્ડ સક્રિય કરવામાં આવશે. ત્યારબાદે ગ્રાહકે સ્વ-સહાય વેબ પોર્ટલ દ્વારા કાર્ડને સક્રિય(એક્ટીવેટ) કરવાનું રહેશે. કાર્ડની ફાળવણી પર, કાર્ડમાં લોડ કરવામાં આવેલ ફોરેક્સ ફંડની પુષ્ટિ માટે એસએમએસ(આ કલમના હેતુ માટે "એસએમએસ"નો અર્થ કાર્ડધારકને તેમના નોંધાયેલ ભારતીય મોબાઈલ નંબર પર, શોર્ટ મેસેજીંગ સર્વિસના માધ્યમથી મોકલવામાં આવેલ કસ્ટમાઈઝ્ડ સંદેશ છે). બૅંક કોઈપણ સમયે તેમને યોગ્ય લાગે ત્યારે આ સુવિધા બંધ કરી શકે છે.

કાર્ડનો ઉપયોગ

1. ભારત, નેપાલ અને ભૂતાન સિવાય વિશ્વમાં ગમે ત્યાં જ્યાં આ પ્રકારના કાર્ડ સ્વીકાર્ય હોય ત્યાં ફોરેક્સ ફંડ પ્રાપ્ત કરવા માટે કાર્ડનો ઉપયોગ થઈ શકે છે. ફોરેક્સ ફંડ ઉપાડવા માટે, કાર્ડધારકે કાર્ડને એટીએમમાં દાખલ કરવું, પિન નંબર દાખલ કરવો અને ફોરેક્સ ફંડની ઈચ્છિત રકમ દાખલ કરવી જરૂરી છે. આવા ઉપયોગ બાદ કાર્ડને પાછું ખેંચી લેવું જરૂરી છે.
2. આઈડીએફસી ફર્સ્ટ બૅંક અને મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ્સ દ્વારા કોઈપણ કારણોસર કાર્ડના ઉપયોગને નામંજૂર કરવામાં આવી શકે છે તે શરતે ભારત, નેપાલ અને ભૂતાન સિવાય મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ્સ ખાતે થયેલ ચાર્જની ચૂકવણી કરવા માટે પણ કાર્ડધારક કાર્ડનો ઉપયોગ કરી શકે છે. કાર્ડ દ્વારા કરવામાં આવેલ દરેક ખરીદીની અથવા ફોરેક્સ ફંડમાં કરેલ ઉપાડની રકમ તાત્કાલિક કાર્ડધારકના ફોરેક્સ ફંડમાંથી ડેબિટ કરવામાં આવશે. જો કથિત લેવડદેવડ કરવા માટે ફોરેક્સ ફંડ પર્યાપ્ત ન હોય તો, લેવડદેવડ થશે નહીં.

3. આઈડીએફસી ફર્સ્ટ બૅંક અને ઈ-કૉમર્સ સાઈટ્સ કોઈપણ કારણોસર કાર્ડના ઉપયોગને નામંજૂર કરી શકે છે તે શરતે વિદેશી ચલણમાં(ભારત, નેપાલ અને ભૂતાન સિવાય) કરેલ ઓનલાઈન ખરીદી માટેની ઈ-કોમર્સ વેબસાઈટ ખાતે ખરીદી કરવા માટે કાર્ડધારક કાર્ડનો ઉપયોગ કરી શકે છે. કાર્ડ સાથે કરેલ દરેક ખરીદીની રકમ અથવા ફોરેક્સ ફંડમાંથી કરેલ ઉપાડ તાત્કાલિક કાર્ડધારકના ફોરેક્સ ફંડમાંથી તાત્કાલિક ડેબિટ કરવામાં આવશે. જો વિનંતી કરેલ લેવડદેવડ કરવા માટે ફોરેક્સ ફંડ અપર્યાપ્ય હોય તો, લેવડદેવડ થશે નહીં.
4. કાર્ડ માટે અરજી કરનાર વ્યક્તિએ આઈડીએફસી ફર્સ્ટ બૅંક દ્વારા આવશ્યક હોય તે રીતે સંપૂર્ણ રીતે ભરેલું અને યોગ્ય રીતે સહી કરેલું અરજી ફોર્મ જમા કરવાનું રહેશે અને ત્યારબાદ બૅંક દ્વારા આવશ્યક અને જરૂરી હોય તેવા તમામ દસ્તાવેજ જમા કરવાના રહેશે. જ્યાં લેવડદેવડ માટેની ચૂકવણી વિદેશી ચલણમાં કરવાની હોય તેવા ઈન્ટરનેટ પરની ઈલેક્ટ્રોનિક લેવડદેવડ માટે પણ કાર્ડનો ઉપયોગ થઈ શકે છે. કાર્ડધારક કોઈપણ સમયે કાર્ડ પરત કરી શકે છે અને બૅંક દ્વારા નિર્ધારીત કરેલ રીફંડ ફોર્મ અને બૅંક દ્વારા જરૂરી હોય તેવા અન્ય દસ્તાવેજો ભરીને, કાર્ડમાં ઉપલબ્ધ બાકીનું ફોરેક્સ ફંડ પાછું મેળવી શકે છે. રીફંડના દિવસે પ્રવર્તમાન લાગૂપાત્ર ચલણ વિનિમય દરો અનુસાર રીફંડ ભારતીય ચલણમાં જ કરવામાં આવશે. જો કાર્ડ પર કોઈ સેટલ ન થયેલ લેવડદેવડ હોય તો, રીફંડ માન્ય થાય તે પહેલાં કાર્ડધારકે ત્રીસ(30) દિવસની રાહ જોવાની રહેશે. કોઈપણ અનધિકૃત સ્થળોએ અથવા આ નિયમો અને શરતો અંતર્ગત દર્શાવેલ હેતુ સિવાય કોઈ અન્ય હેતુ માટે કાર્ડનો ઉપયોગ ચુસ્તપણે નિષેધ છે અને તેમ કરવાથી બૅંક દ્વારા કાર્ડ રદ કરવામાં આવી શકે છે. ભારત, નેપાલ અને ભૂતાનમાં વિદેશી ચલણની લેવડદેવડ માટે ચૂકવણી કરવા માટે કાર્ડનો ઉપયોગ કરી શકાશે નહીં. કાર્ડના ગુમ થવાથી અથવા અનધિકૃત ઉપયોગના કારણે અથવા કાર્ડ રદ થવાથી કાર્ડધારકને થયેલ કોઈપણ પ્રત્યક્ષ કે પરોક્ષ નુકસાન માટે બૅંક જવાબદાર ગણાશે નહીં.
5. આ કાર્ડ દ્વારા કાર્ડધારક એટીએમમાંથી ઉપાડ દ્વારા રોકડમાં ફોરેક્સ ફંડ મેળવી શકે છે અને/અથવા એટીએમ ખાતે કાર્ડમાં રહેલ બેલેન્સ વિશેની જાણકારી સુનિશ્ચિત કરી શકે છે અથવા પીઓએસ ટર્મિનલ્સ દ્વારા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ ખાતે ચૂકવણી કરી શકે છે. કાર્ડ દ્વારા ભારતની બહાર એટીએમ પરથી કરેલ રોકડ ઉપાડ, જ્યાં ઉપાડ કરવામાં આવ્યું હોય તે એટીએમની માલિકી ધરાવતા/સંચાલિત કરતા શેર્ડ નેટવર્ક દ્વારા મંજૂર કરવામાં આવેલ ચલણમાં રહેશે. જેમાં કાર્ડધારકનું ખાતું છે તે ખાતામાંથી ચલણને સપ્રમાણ રકમ, આવી લેવડદેવડના સંબંધમાં નેટવર્ક ઈન્ટરનેશનલ નિયમો અનુસાર જો ચાર્જ કરવામાં આવતું હોય તો કોઈપણ અતિરિક્ત પ્રોસેસિંગ ચાર્જ, રૂપાંતરણ ચાર્જ અથવા અન્ય કોઈ ફી કાર્ડધારકના ફોરેક્સ ફંડમાંથી બૅંક દ્વારા ડેબિટ કરવામાં આવશે.
6. કાર્ડધારકો બૅંક દ્વારા સમયે સમયે નિયત કરવામાં આવતી કટોકટી, તબીબી અને યાત્રાસહાય અને અન્ય આવી સેવાઓ પણ મેળવી શકે છે. આવી સેવાઓ બૅંકની મુનસફી અનુસાર કોઈપણ સમયે પાછી ખેંચાઈ શકે છે, બંધ થઈ શકે છે, રદ થઈ શકે છે, સ્થગિત અને/અથવા બંધ થઈ શકે છે.
7. બૅંક, તેની મુનસફી અનુસાર, તેના ઉત્પાદનો/સેવાઓના સંબંધમાં જરૂરી અને આવશ્યક લાગે તેવી શરતોએ બાહ્ય સર્વિસ પ્રોવાઈડર/પ્રોવાઈડર્સ અથવા એજન્ટ/એજન્ટ્સની સેવાઓનો ઉપયોગ કરી શકે છે.

કાર્ડના વપરાશ પર મર્યાદાઓ

1. વ્યક્તિગત કાર્ડધારકને ફાળવવામાં આવેલ કોઈપણ કાર્ડ રીઝર્વ બૅંક ઑફ ઈન્ડિયાની/બૅંકની પોતાની માર્ગદર્શિકાઓ અને સમયે સમયે અમલમાં આવતા લાગૂપાત્ર કાયદાઓ, નિયમો અને કાયદાઓને આધીન સમયે સમયે બૅંક દ્વારા નિયત કરવામાં આવેલ મહત્તમ ખર્ચ મર્યાદાને આધીન રહેશે.
2. આવી મર્યાદાઓ/નિયંત્રણો વિશે કાર્ડધારકને ખાતરી આપવા માટે કે સૂચિત કરવા માટે બૅંક જવાબદાર રહેશે નહીં અને આ નિયંત્રણો, મર્યાદાઓ અથવા એટીએમ, શેર્ડ નેટવર્ક અને/અથવા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ્સ ખાતે પૂછવામાં આવેલ લેવડદેવડ વચ્ચે એકરૂપતાની કમીને કારણે કાર્ડધારકને થયેલ કોઈપણ નુકસાન માટે જવાબદાર રહેશે નહીં.
3. કોઈપણ લેવડદેવડને અસર માટે, દૈનિક અથવા નિયત ગાળા માટે કાર્ડના ઉપયોગ દ્વારા ઉપયોગમાં લેવાનાર ફોરેક્સ ફંડની રકમને મર્યાદિત કરવાનો કે ઘટાડવાનો અધિકાર ધરાવે છે. આ ઉપરાંત, કાર્ડના ઉપયોગ દ્રાવા અસર થયેલ લેવડદેવડની સંખ્યાને એટીએમ, શેર થયેલ નેટવર્ક અને/અથવા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ પર મર્યાદિત અથવા નિયંત્રિત કરી શકે છે. આવી મર્યાદાઓ/નિયંત્રણો વિશે કાર્ડધારકને ખાતરી આપવા માટે કે સૂચિત કરવા માટે બૅંક જવાબદાર રહેશે નહીં અને આ નિયંત્રણો, મર્યાદાઓ અથવા એટીએમ, શેર્ડ નેટવર્ક અને/અથવા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ્સ ખાતે પૂછવામાં આવેલ લેવડદેવડ વચ્ચે એકરૂપતાની કમીને કારણે કાર્ડધારકને થયેલ કોઈપણ નુકસાન માટે જવાબદાર રહેશે નહીં.
4. ફોરેક્સ ફંડના સંબંધમાં બૅંક દ્વારા કોઈ વ્યાજ, વળતર કે કોઈ લાભ/બોનસ આપવામાં આવશે નહીં અને ફોરેક્સ ફંડ કાર્ડધારક દ્વારા બૅંક સાથે (અથવા અન્ય કોઈ વ્યક્તિ સાથે) કોઈ ડિપોઝીટની રચના કરતી નથી કે કાર્ડધારકને તે કોઈ ઓવરડ્રાફ્ટ/ક્રેડિટ સુવિધાનો અધિકાર આપતી નથી. સમયે સમયે અમલી લાગૂપાત્ર કાયદાઓ, નિયમો અને શરતોનું કાર્ડધારક દ્વારા પાલન ન કરવાના સંબંધમાં કે તેને કારણે થયેલ કોઈપણ પ્રત્યક્ષ, પરોક્ષ અથવા પરિસ્થિતિલક્ષી નુકસાન કે ખોટ માટે બૅંક જવાબદાર ગણાશે નહીં. આ સાથે કાર્ડધારક અહીં બાંયધરી આપે છે અને પુષ્ટિ કરે છે કે કાર્ડના ઉપયોગને અને/અથવા કાર્ડધારક દ્વારા સમયે સમયે અમલી લાગૂપાત્ર કાયદાઓ, નિયમો અને શરતોનું પાલન ન કરવાને કારણે થયેલ અથવા તેના પરિણામે થયેલ તમામ જવાબદારીઓ, પગલાં, દાવાઓ, ડ્યૂ અને ખર્ચ, ચાર્જ અને કિંમત વગેરે સામે બૅંક સુરક્ષિત છે.
5. સમયે સમયે અમલી લાગૂપાત્ર કાયદાઓ, નિયમો અને શરતોનું પાલન ન કરવાને કારણે અથવા અન્ય કોઈ કારણસર કાર્ડ રદ થવાના (કે તેનો વપરાશ સ્થગિત થવાના) કિસ્સામાં, કાર્ડ નામંજૂર કે અન્યથામાં પરિણમે તેવા કોઈ ઉપયોગ/કાર્ડના ઉપયોગના પ્રયત્ન માટે બૅંક જવાબદાર ગણાશે નહીં. રદ થયેલ(અને/અથવા સ્થગિત થયેલ) કાર્ડને મંજૂર કરવાનું જોખમ વ્યક્તિગત ક્ષમતાએ તેની પ્રસ્તુતિ પર તે વ્યક્તિ અને/અથવા કાર્ડધારકનું છે. કોઈપણ વ્યક્તિ એક જ ચલણમાં અનેક કાર્ડ માટે અરજી આપી શકતી નથી કે મેળવી શકતી નથી. કાર્ડધારક દ્વારા પૂર્વઘટનાઓમાં કાર્ડ મેળવ્યું હોય તો, કોઈપણ સમયે, કાર્ડધારકને ફાળવવામાં આવેલ આવું છેલ્લું કાર્ડ માન્ય અને સક્રિય ગણાશે, સિવાય કે તેને બૅંક દ્વારા રદ કે બંધ કરવામાં આવે.

ફાયનાન્શિયલ એક્ટ, 2020ની જોગવાઈઓ અનુસાર ટેક્સ કલેક્ટેડ એટ સૉર્સ(ટીડીએસ) લાગૂપાત્ર છે. વધુ વિગતો માટે, આપેલ લિંકમાં વારંવાર પૂછાતા પ્રશ્નો તપાસો: ફોરેક્સ કાર્ડ – અનેક ચલણ વિકલ્પો સાથે ખરીદો ફોરેક્સ ટ્રાવેલ કાર્ડ | આઈડીએફસી ફર્સ્ટ બૅંક

ફોરેક્સ કાર્ડ પર ટીસીએસ લાગૂપાત્રતા	
ઈન્કમ ટેક્સ એક્ટ 1961 અનુસાર, 1 ઑક્ટોબર, 2020થી ફોરેક્સ કાર્ડ અને રેમિટન્સ સહિત તમારી એલઆરએસ લેવડદેવડ પર બૅંક દ્વારા ટેક્સ એટ સૉર્સ એકત્ર કરવું જરૂરી છે	
રેમિટન્સનો પ્રકાર	**ટીસીએસ%**
લોન દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક ખર્ચ	નાણાંકીય વર્ષમાં રૂા. 7 લાખની ઉપર 0.5%
લોન દ્વારા ના કરવામાં આવેલ શૈક્ષણિક ખર્ચ	નાણાંકીય વર્ષમાં રૂા. 7 લાખની ઉપર 5%
વિદેશ સફર	ફોરેક્સ કાર્ડમાં લોડ કરેલ સમગ્ર રકમ પર 5%. નોંધ: અહીં કોઈ 7 લાખની મર્યાદા નથી, તમામ લેવડદેવડ ટીસીએસ માટે લાગૂપાત્ર છે
અન્ય કોઈ કારણોસર(વ્યક્તિગત મુસાફરી સહિત)	નાણાંકીય વર્ષમાં રૂા. 7 લાખની ઉપર 5%

લેવડદેવડના રેકોર્ડ અને સ્ટેટમેન્ટ્સ

1. એટીએમ અથવા શેર્ડ નેટવર્ક અને/અથવા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ/ઈ-કૉમર્સ વેબસાઈટ દ્વારા કાર્ડધારક દ્વારા લેવડદેવડ પૂરી કર્યા બાદ, કાર્ડધારકે આવી લેવડદેવડ વપરાયેલ આવા એટીએમ અથવા શેર્ડ નેટવર્ક અને/અથવા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ અને/અથવા ઈ-કૉમર્સ વેબસાઈટ દ્વારા માટે જો કોઈ હોય તો, પ્રાપ્ત થયેલ રસીદ/રેકોર્ડ મેળવવાની અને તેની ખરાઈ કરવાનું સુનિશ્ચિત કરવાનું રહેશે. આવા રસીદ/રેકોર્ડ, જ્યારે આ પ્રકારના એટીએમ, શેર્ડ નેટવર્ક અને/અથવા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ અને/અથવા ઈ-કૉમર્સ વેબસાઈટ ખાતે કાર્ડ વપરાયું હોય ત્યારે ફોરેક્સ ફંડમાં રહેલું બેલેન્સ બતાવી શકે છે. કાર્ડધારકને સ્વ-સહાય પોર્ટલ પર લોગ ઈન કરીને અથવા બૅંકના કસ્ટમર કેર પર ફોન કરીને પણ ઉપલબ્ધ બેલેન્સ ફોરેક્સ ફંડ વિશેની જાણકારી મળી શકે છે.
2. કાર્ડહોલ્ડર દ્વારા સ્વ-સહાય પોર્ટલ પર લોગ ઈન કરીને માસિક લેવડદેવડનું સ્ટેટમેન્ટ મેળવી શકાય છે, તેની વિનંતી વાસ્તવિક સમયને આધારે પ્રોસેસ કરવામાં આવશે એ શરતે કે આવી માસિક લેવડદેવડ સ્ટેટમેન્ટની વિનંતીના વિલંબ કે ન મળવા માટે આઈડીએફસી ફર્સ્ટ બૅંક જવાબદાર ગણાશે નહીં.

ક્ષતિ, પ્રશ્નો અને ફરિયાદો

1. કાર્ડ અથવા માસિક સ્ટેટમેન્ટ વગેરે સંબંધી કોઈપણ પૂછપરછ કે ફરિયાદના સંબંધમાં કાર્ડધારક **બેંકના કસ્ટમર કેરને 1800 10 888 પર (ભારતમાં હોય ત્યારે)** અથવા બેંકની વેબસાઈટ પર સમયે સમયે પ્રકાશિત સંબંધિત ભૌગોલિક વિસ્તારોના ટોલ-ફ્રી નંબર પર કોલ કરી શકે છે. આ ઉપરાંત, કોઈપણ વિવાદ કે ફરિયાદના સંબંધમાં, બેંક ફરિયાદ/વિવાદ કે પૃચ્છા વિશે યોગ્ય રીતે તપાસ કરી શકે અને પ્રતિભાવ/નિરાકરણ લાવી શકે તે માટે કાર્ડધારકે બેંકને લેખિતમાં સંપૂર્ણ અને સાચી જાણકારી આપવાની રહેશે.
2. કાર્ડની ઉપર કે પાછળ આપેલ કસ્ટમર કેર નંબર બેંકની સંપૂર્ણ મુનસફી અનુસાર બદલાવને આધીન છે.
3. આ પ્રકારના પત્રવ્યવહારમાં કાર્ડધારકે નીચેની જાણકારી આપવાની રહેશેઃ
    i. કાર્ડધારકનું નામ, સરનામું અને કાર્ડ કીટ નંબર
    ii. લેવડદેવડ અને/અથવા ફરિયાદ(લેવડદેવડની તારીખ અને એટીએમ/મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટના સ્થળ સહિત)નું વિગતવાર વર્ણન અને લેવડદેવડના સંબંધમાં વિવાદ ઉભો કરવાનું કે પૃચ્છા કે ફરિયાદ ઉભી કરવા માટે કાર્ડધારકનું કારણ; અને
    iii. લેવડદેવડની રકમ
4. બાબત વિશે તપાસ કરવા માટે કે તેનો નિવેડો લાવવા માટે કોઈ વધુ જાણકારી/દસ્તાવેજની જો બેંક જરૂર હોય તો તે કિસ્સામાં, કાર્ડધારક દ્વારા આ સાથે તે પૂરું પાડવાનું મંજૂર કરવામાં આવે છએ. જ્યાં પૂછપરછનું કાર્ડધારકના સંતોષ મુજબનું સમાધાન ના મળ્યું હોય ત્યાં, બેંક દ્વારા કાર્ડધારકને ફરિયાદ જો કોઈ હોય તે તેની તપાસના પરિણામ અને/અથવા નિવેડો લાવવાની ઢબ લેખિતમાં કે અન્ય રીતે જણાવશે.

કાર્ડની સુરક્ષા અને પર્સનલ આઈડેન્ટિફીકેશન નંબર(વ્યક્તિગત ઓળખ નંબર) (પિન)

1. પિનની ગોપનીયતા, સુરક્ષા અને સલામતીને કાર્ડધારકે જાળવવાની રહેશે અને નોંધવા વિનંતી કે પિનની ગોપનીયતા, સુરક્ષા અને સલામતી વિશે ધ્યાન રાખવામાં નિષ્ફળતા કાર્ડધારક માટે કાર્ડ પર લાયેબિલીટીમાં પરિણમી શકે છે. કાર્ડધારકે તેમનું પિન તેઓ કોઈની સમક્ષ પ્રકટ નથી કરી રહ્યા તે સુનિશ્ચિત કરવાનું રહેશે અને એટીએમ અથવા પીઓએસ ટર્મિનલ ખાતે અન્ય દ્વારા પિન દાખલ થતો જોવાનું રોકવા માટે તમામ સાવધાની લેવાની રહેશે. કાર્ડધારક પિનને યાદ રાખી લે અને તેનો કોઈ લેખિત રેકોર્ડ ન રાખે, ખાસ કરીને તે કોઈ ત્રીજી વ્યક્તિને પ્રાપ્ત ન થાય તે માટે તેની ભલામણ કરવામાં આવે છે. બેંકના સ્ટાફ અથવા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ સહિત પરંતુ સુધી સીમિત ન હોય તેમ કોઈપણ ત્રીજા પક્ષ સામે કોઈપણ પરિસ્થિતિમાં અથવા કોઈપણ રીતે પિન છતો થવો જોઈએ નહીં.
2. કાર્ડધારક દ્વારા કાર્ડ અને પિનની સુરક્ષા જાળવવામાં નિષ્ફળતાના કિસ્સામાં, કાર્ડના અનધિકૃત વપરાશના પરિણામે થયેલ કોઈપણ નુકસાન(ફોરેક્સ ફંડના તમામ અથવા કોઈ હિસ્સાના નુકસાન સહિત) કાર્ડધારકે ભોગવવાનું રહેશે. પિનની સુરક્ષા માટે કાર્ડધારકને યોગ્ય લાગે તેવા પગલાં ઉપરાંત નીચેની સાવધાની જાળવવાની બેંક દ્વારા ભલામણ કરવામાં આવે છેઃ

    I. કાર્ડધારકે પિન કોઈની સમક્ષ પ્રકટ કરવો જોઈએ નહી.

II. એટીએમમાં પિન દાખલ કરતી વખતે કોઈપણ વ્યક્તિને તે જોતા રોકવા માટે કાર્ડધારકે આવશ્યક સંભાળ લેવી જોઈએ.

III. કાર્ડધારકે પિનને યાદ રાખી લેવો જોઈએ અને તેનો કોઈપણ રેકોર્ડ હોય તો તેનો નાશ કરી દેવો જોઈએ, અને કોઈ ત્રીજી વ્યક્તિ/પક્ષ દ્વારા તેના ઉપયોગને રોકવા માટે તેને લેખિતમાં ક્યાંય રાખવો જોઈએ નહીં.

ઈન્શ્યોરન્સ

જોખમ અને અન્ય સંબંધિત જરૂરીયાતોના કવરેજની પદ્ધતિને સમજવા માટે એક સમજૂતી પર પહોંચવા માટે દરેક પક્ષે આ કરારમાં દાખલ થવાની મંજૂરી આપી છે જેમાં અન્ય બાબતો સામેલ છે પરંતુ તે પોલિસીની ફાળવણી, દસ્તાવેજીકરણમાં સહાય, પ્રતિભાવ માટે સમયમર્યાદા નક્કી કરવી, દાવાની સ્થિતિમાં ફરજોની કાર્યવાહી અને સમયપત્રક નક્કી કરવું, અન્ય ફરજ/જવાબદારીઓની આપૂર્તિ, વિવાદના નિવેડાને ધ્યાનમાં લેવો, પોલિસીની અવધિ દરમ્યાન પત્રવ્યવહાર/નોટિસ અને તે મુજબના અન્ય કોમ્યુનિકેશન માટે નિશ્ચિત વ્યક્તિની ફાળવણી સુધી સીમિત નથી.

1 પોલિસી નંબર 1901826169/0239780346

2 પોલિસીનું નામ: ફોરેક્સ કાર્ડ પોલિસી

3 આરક્ષિત નામ: આઈડીએફસી ફર્સ્ટ બૅંક લિમિટેડ

5 સરનામું: આઈડીએફસી ફર્સ્ટ બૅંક, ધી સ્ક્વેર, સી-61, જી બ્લૉક, બાંદ્રા-કુર્લા

ગુમ થવા વિશે સૂચના: દરેક નુકસાન થવા પર અથવા આઈડીએફસી ફર્સ્ટ બૅંક લિમિટેડના ધ્યાનમાં આવવા પર વ્યાજબી સમયમર્યાદામાં વિલીસ ટાવર વૉટસન ઈન્ડિયા ઈન્શ્યોરન્સ બ્રોકર પ્રાઈવેટ લિમિટેડ/ટાટા એઆઈજીને સૂચિત કરવાનું રહેશે.

ડબલ્યૂટીડબલ્યૂને ક્લેઈમ વિશે જણાવતી વખતે નીચેની વિગતો જરૂરી છે:

1. ફોરેક્સ કાર્ડ નંબર

2. કાર્ડધારકનું નામ

3. ક્લેઈમની રકમ રૂપિયામાં

4. ગુમ થવાની તારીખ/ઘટનાની તારીખDate of Loss/Date of incident

5. ક્લેઈમનો પ્રકાર

6. ગુમ થયું હોય તે સ્થળ

ક્લેઈમની નોંધણી અને દસ્તાવેજ જમા કરાવવાની સમયમર્યાદા:

બ્રોકર/ઈન્શ્યોરરને છેતરપિંડીયુક્ત લેવડદેવડ થયાના 24 કલાકની અંદર ક્લેઈમ વિશે જાણ કરવાની રહેશે.

ક્લેઈમના દસ્તાવેજો કાર્ડધારક દ્વારા બૅંકને સૂચિત કર્યાની તારીખથી 30 દિવસની અંદર બ્રોકર/ઈન્શ્યોરરને મોકલવાના રહેશે.

ક્લેઈમ દસ્તાવેજોની યાદી:

છેતરપિંડી ચાર્જ:

✓ દાવેદાર દ્વારા યોગ્ય રીતે ભરેલ અને સહી કરેલ ક્લેઈમ ફોર્મ.

✓ અદ્યતન એકાઉન્ટ સ્ટેટમેન્ટ (નુકસાન થયું હોય તે મહિના માટે).

✓ પાસપોર્ટની નકલ એટલે કે પાસપોર્ટના પહેલાં અને છેલ્લાં પાનાની સાથે ઈન્ડિયા ઈમિગ્રેશનન સ્ટેમ્પથી ભારત પરત ફરવા સુધી પ્રસ્થાનને આવરતા તમામ પાના.

✓ બૅંક દ્વારા ઘટનાનો અહેવાલ.

✓ બૅંક દ્વારા ગ્રાહકને આપવામાં આવેલ વિવાદ પત્ર.

✓ પોલિસ ફરિયાદ/ડાયરીમાં એન્ટ્રી/ઓનલાઈન ફરિયાદ/એફઆઈઆર.

એટીએમ પર હુમલો અને લૂટ:

✓ દાવેદાર દ્વારા યોગ્ય રીતે ભરેલ અને સહી કરેલ ક્લેઈમ ફોર્મ.

✓ અદ્યતન એકાઉન્ટ સ્ટેટમેન્ટ (નુકસાન થયું તે મહિના માટે).

✓ પાસપોર્ટની નકલ એટલે કે પાસપોર્ટના પહેલાં અને છેલ્લાં પાનાની સાથે ઈન્ડિયા ઈમિગ્રેશનન સ્ટેમ્પથી ભારત પરત ફરવા સુધી પ્રસ્થાનને આવરતા તમામ પાના.

✓ બૅંક દ્વારા ઘટનાનો અહેવાલ.

✓ બૅંક દ્વારા ગ્રાહકને આપવામાં આવેલ વિવાદ પત્ર.

✓ પોલિસ ફરિયાદ/ડાયરીમાં એન્ટ્રી/ઓનલાઈન ફરિયાદ/એફઆઈઆર.

ખરીદી સુરક્ષા:

✓ દાવેદાર દ્વારા યોગ્ય રીતે ભરેલ અને સહી કરેલ ક્લેઈમ ફોર્મ.

✓ અદ્યતન એકાઉન્ટ સ્ટેટમેન્ટ (નુકસાન થયું તે મહિના માટે).

✓ પાસપોર્ટની નકલ એટલે કે પાસપોર્ટના પહેલાં અને છેલ્લાં પાનાની સાથે ઈન્ડિયા ઈમિગ્રેશનન સ્ટેમ્પથી ભારત પરત ફરવા સુધી પ્રસ્થાનને આવરતા તમામ પાના.

✓ બૅંક દ્વારા ઘટનાનો અહેવાલ.

✓ બૅંક દ્વારા ગ્રાહકને આપવામાં આવેલ વિવાદ પત્ર.

✓ બૅંક દ્વારા પૂર્વ અને વર્તમાન સરનામાની વિગતો.

✓ પોલિસ ફરિયાદ/ડાયરીમાં એન્ટ્રી/ઓનલાઈન ફરિયાદ/એફઆઈઆર.

✓ નુકસાનની સ્થિતિમાં પાયાની આવશ્યક વસ્તુઓ ખરીદવામાં થયેલ ખર્ચના બિલ:

અસલ(ઓરીજીનલ) (પોલિસીના નિયમો અને શરતો અનુસાર લાગૂપાત્ર હોય તો).

✓ ખરીદીના પુરાવાનું બિલ: અસલ.

✓ ખરીદેલ વસ્તુઓની વિગતો અને ખરીદીને દર્શાવતા કાર્ડ સ્ટેટમેન્ટ સાથે થયેલ ખર્ચનું અસલ બિલ

ચેક્ડ-ઈન બેગેજમાં વિલંબ:

✓ દાવેદાર દ્વારા યોગ્ય રીતે ભરેલ અને સહી કરેલ ક્લેઈમ ફોર્મ.

✓ પીઆઈઆર અહેવાલ - અસલ

✓ ચેક્ડ-ઈન બેગેજની ડિલીવરી ન થવા પર/ટૂંકી ડિલીવરી માટે ચૂકવેલ વળતર માટે કોમન કેરીયરનું વાઉચર.

✓ ચેક્ડ-ઈન બેગેજની ડિલીવર ન થવાના/ટૂંકી ડિલીવર થવાના સંબંધમાં કોમન કેરિયર સાથે જો કોઈ પત્રવ્યવહાર થયો હોય તો તેની નકલો.

✓ ભાડા અને ચૂકવણીની વિગતો દર્શાવતી અસલ મુસાફરીની ટિકીટો.

✓ વિદેશમાં પ્રવેશનો સ્ટેમ્પ અને ભારતમાંથી નિગર્મનના સ્ટેમ્પ સાથે પાસપોર્ટ અને વિઝા.

✓ આરક્ષિત/દાવેદાર ભારતીય બૅંકની વિગતો દર્શાવતું એનઈએફટી ફોર્મ અને કેન્સલ કરેલ ચેક.

હાઈજેક દૈનિક ભથ્થું:

✓ દાવેદાર દ્વારા યોગ્ય રીતે ભરેલ અને સહી કરેલ ક્લેઈમ ફોર્મ.

✓ વિદેશમાં પ્રવેશનો સ્ટેમ્પ અને ભારતમાંથી નિગર્મનના સ્ટેમ્પ સાથે પાસપોર્ટ અને વિઝા.

✓ ભાડા અને ચૂકવણીની વિગતો દર્શાવતી અસલ મુસાફરીની ટિકીટો.

✓ આરક્ષિત/દાવેદાર ભારતીય બૅંકની વિગતો દર્શાવતું એનઈએફટી ફોર્મ અને કેન્સલ કરેલ ચેક.

ચેક્ડ-ઈન બેગેજને હાનિ:

✓ દાવેદાર દ્વારા યોગ્ય રીતે ભરેલ અને સહી કરેલ ક્લેઈમ ફોર્મ.

✓ પીઆઈઆર અહેવાલ - અસલ

✓ ચેક્ડ-ઈન બેગેજની ડિલીવરી ન થવા પર/ટૂંકી ડિલીવરી માટે ચૂકવેલ વળતર માટે કોમન કેરીયરનું વાઉચર.

✓ ચેક્ડ-ઈન બેગેજની ડિલીવર ન થવાના/ટૂંકી ડિલીવર થવાના સંબંધમાં કોમન કેરિયર સાથે જો કોઈ પત્રવ્યવહાર થયો હોય તો તેની નકલો.

✓ ભાડા અને ચૂકવણીની વિગતો દર્શાવતી અસલ મુસાફરીની ટિકીટો.

✓ વિદેશમાં પ્રવેશનો સ્ટેમ્પ અને ભારતમાંથી નિગર્મનના સ્ટેમ્પ સાથે પાસપોર્ટ અને વિઝા.

✓ આરક્ષિત/દાવેદાર ભારતીય બૅંકની વિગતો દર્શાવતું એનઈએફટી ફોર્મ અને કેન્સલ કરેલ ચેક

કનેક્ટીંગ ફ્લાઈટ ચૂકી જવી:

✓ દાવેદાર દ્વારા યોગ્ય રીતે ભરેલ અને સહી કરેલ ક્લેઈમ ફોર્મ.

✓ વિલંબના કારણો સાથે વિલંબ થયો હોય તે પોર્ટ પર આગમનનો વાસ્તવિક સમય અને આગમનના સંભવિત સમય માટે વિલંબિત ફ્લાઈટના ફ્લાઈફ ઑપરેટર તરફથી પુષ્ટિ.

✓ ચાલુ ફ્લાઈટ(ચૂકી ગયેલ ફ્લાઈટ)ના કેન્સલેશન માટે કોમન કેરિયર તરફથી Unused ticket for the ongoing સમર્થન સાથે તે ફ્લાઈટની ન વપરાયેલ ટિકીટ.

✓ જપ્તીની રકમ સાથે ચૂકી ગયેલ ફ્લાઈટ જેટલી સફરના હિસ્સા માટેનું ભાડું સંપૂર્ણ અથવા હિસ્સામાં જપ્ત કરવામાં આવ્યું છે તે મુજબનું ચૂકી ગયેલ ફ્લાઈટના ફ્લાઈટ ઑપરેટર તરફથી સર્ટિફિકેટ.

✓ ચૂકી ગયેલ ફ્લાઈટ જેટલાં સફરના હિસ્સા માટે (જો સફર ચાલુ હોય તો) વૈકલ્પિક ફ્લાઈટ માટે રકમ ભાડા તરીકે ચૂકવવામાં આવી છે તે દર્શાવતી નવેસરથી લીધેલ અસર વપરાયેલ ટિકીટ.

✓ આરક્ષિત/દાવેદાર ભારતીય બૅંકની ખાતાની વિગતો દર્શાવતું એનઈએફટી ફોર્મ અને કેન્સલ કરેલ ચેક.

અકસ્માતી મૃત્યુ(24 કલાક):

✓ નોમિની દ્વારા યોગ્ય રીતે ભરેલ અને સહી કરેલ ક્લેઈમ ફોર્મ.

✓ સંબંધિત એરલાઈન તરફથી મંજૂરીની સ્વીકૃતિ

✓ એર ટિકીટની નકલ

✓ બૉર્ડિંગ પાસ જો કોઈ હોય તો

કાર્ડનું રીલૉડિંગ

1. કાર્ડમાં લૉડ કરેલ ફોરેક્સ ફંડની સમાપ્તિ બાદ, કાર્ડધારક બૅંક દ્વારા સમયે સમયે નિર્ધારીત કરવામાં આવતા નિર્ધારીત ચાર્જની ચૂકવણીને આધીન અને સમયે સમયે અમલી તમામ નિયમો અને શરતો, લાગૂપાત્ર કાયદાઓ, શરતો અને નિયમોના અનુપાલન સાથે બૅંકની શાખા પરથી અથવા સ્વ-સહાય પોર્ટલ પરથી ઓનલાઈન ફોર્મ ડાઉનલોડ કરીને રજીસ્ટર્ડ ઈ-મેઈલ આઈડી દ્વારા વિનંતી કરીને કાર્ડમાં ફોરેક્સ ફંડને ફરીથી લૉડ કરાવી શકે છે.

   I. કાર્ડધારક કાર્ડને રીલૉડ કરાવવા ઈચ્છતા હોય તે કિસ્સામાં, બૅંક નીચેના અધિકાર ધરાવે છેઃ

      એ. કાર્ડમાં ફરીથી લૉડ કરવા માટેની ફોરેક્સ ફંડની રકમની મર્યાદા નક્કી કરવી;

      બી. કાર્ડમાં ફોરેક્સ ફંડ ફરીથી કેટલીવાર લૉડ કરી શકાય તેની મર્યાદા નક્કી કરવી;

      સી. પોતાની મુનસફી અનુસાર, ફરીથી લૉડ કરવા માટેની લેવડદેવડને નામંજૂર કરવી.

કાર્ડ ફરીથી લૉડ કરવા માટે, કાર્ડધારકે બૅંક દ્વારા નિયત કરવામાં આવેલ ફોર્મને સંપૂર્ણ ભરવું અને જમા કરવું અને બૅંક દ્વારા જરૂરી કાર્ડધારક/કાર્ડ સંબંધી કેટલીક જાણકારી પૂરી પાડવી જરૂરી છે. કાર્ડ અસલરૂપે જેમાં ફાળવવામાં આવ્યું હતું તે જ/અલગ ચલણમાં ફોરેક્સ ફંડને ફરીથી લૉડ કરી શકાશે. રીલૉડની રકમ ચુસ્તપણે સમયે સમયે અમલી લાગૂપાત્ર કાયદા, શરતો અને નિયમો દ્વારા નિયત કરેલ મર્યાદાને અનુસાર હોવી જોઈએ.

મહત્તમ ખર્ચ મર્યાદા

વ્યક્તિગત કાર્ડધારકને ફાળવવામાં આવેલ કોઈપણ કાર્ડ રીઝર્વ બૅંક ઑફ ઈન્ડિયાની માર્ગદર્શિકાઓ અને સમયે સમયે અમલી લાગૂપાત્ર કાયદાઓ, શરતો અને નિયમોને આધીન સમયે સમયે બૅંક દ્વારા નિયત કરવામાં આવેલ મહત્તમ ખર્ચ મર્યાદાને આધીન રહેશે.

લાગૂપાત્ર કાયદાઓ, શરતો અને નિયમોનું અનુપાલન

1. કાર્ડધારક દ્વારા કાર્ડનો વપરાશ અને/અથવા માલિકી રીઝર્વ બૅંક ઑફ ઈન્ડિયા અથવા અન્ય કોઈ સત્તા દ્વારા જારી કરવામાં આવતા સમયે સમયે અમલી લાગૂપાત્ર કાયદાઓ(એક્સચેન્જ કંટ્રોલ/ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ ઑફ ઈન્ડિયા સહિત), શરતો, નિયમો અને આદેશો સાથે સુસંગત હોવું જરૂરી છે.
2. આ ઉપરાંત, કાર્ડનો ઉપયોગ કાર્ડ જ્યાં ઉપયોગમાં લેવામાં આવ્યું હોય ત્યાં સમયે સમયે અમલી લાગૂપાત્ર કાયદાઓ, શરતો અને નિયમો અંતર્ગત આવા નિયંત્રણો/મર્યાદાઓને આધીન રહેશે.
3. નીચેના કોઈપણ પ્રકારના ભંગના કિસ્સામાં કાર્ડધારક સંપૂર્ણપણે સંબંધિત સત્તાઓને જવાબદાર રહેશે

    i. કાર્ડધારકે કાર્ડ પરના પિનને ક્યાંય લખવો કે અન્ય કોઈ રીતે દર્શાવવાનો રહેશે નહીં.
    ii. કાર્ડધારકે પિનનો રેકોર્ડ કોઈપણ સરળતાથી ઓળખાઈ જાય તેવા સ્વરૂપે અથવા કાર્ડ સાથે ચોરાઈ જાય કે ખોવાઈ જાય તેવી કોઈ કાર્ડ સાથે લઈ જવાતી કે સંગ્રહિત કોઈ વસ્તુ સાથે રાખવો જોઈએ નહીં.
    iii. કાર્ડધારકે કાર્ડની સાથે પિન રાખવો ન જોઈએ કે છુપાવવામાં આવ્યો હોય તો પણ તેનો ક્યાંય રેકોર્ડ રાખવો જોઈએ નહીં.

ઉપરોક્ત ભલામણો વિસ્તૃત નથી. કાર્ડધારક દ્વારા આવી સાવધાનીઓ(અથવા અન્ય પગલાં) ધ્યાનમાં રાખવા/લેવા છતાં કોઈપણ હાનિના કિસ્સામાં, આ પ્રકારની હાનિની જવાબદારી ફક્ત કાર્ડધારકની જ રહેશે. કોઈપણ લાગૂપાત્ર કાયદાઓ, શરતો અને નિયમોના ભંગ માટે કાર્ડધારક જ એકમેવ રૂપે જવાબદાર ગણાશે. કાર્ડધારક દ્વારા લાગૂપાત્ર કાયદાઓ, શરતો અને નિયમોનું અનુપાલન ન કરવાથી ઉભા થતા અથવા તેની સાંથે સંબંધિત કોઈપણ પ્રત્યક્ષ, પરોક્ષ અથવા પરિણામરૂપી હાનિ અથવા નુકસાન માટે બૅંક જવાબદાર ગણાશે નહીં. લાગૂપાત્ર કાયદાઓ અને/અથવા અન્ય કોઈ કારણોસર અનુપાલન ન થવાને કારણે કાર્ડ રદ (અથવા તેનો ઉપયોગ સ્થગિત) થવાની ઘટનામાં, કાર્ડની નામંજૂરી અથવા અન્યમાં પરિણમે તેવા કાર્ડના કોઈ વપરાશ/વપરાશના પ્રયત્ન માટે બૅંક જવાબદાર ગણાશે નહીં.

ગુમ થયેલ અથવા ચોરાયેલ કાર્ડ અથવા પિન

1. જો કાર્ડધારકને લાગે કે કાર્ડ અથવા પિનનો દુરુપયોગ થયો છે, ખોવાયું છે કે ચોરાયું છે અથવા કાર્ડધારકને કાર્ડનો દુરુપયોગ કરી શકે તેવી લાગતી કોઈપણ વ્યક્તિને પિનની જાણ થઈ છે તો, સ્વ-સહાય પોર્ટલ પર લોગ ઈન કરીને>>એક્ટીવેટ/વ્યૂ કાર્ડ પર ક્લીક કરીને>>ચોરાયેલ કાર્ડને પસંદ કરીને અને લોક પર ક્લીક કરીને તાત્કાલિક કાર્ડને લૉક કરવું જરૂરી છે.
2. વૈકલ્પિક રીતે, કાર્ડને હોટ-લિસ્ટમાં મૂકવા માટે કાર્ડધારકે બૅંકના કસ્ટમર કેર દ્વારા બૅંકને જાણ કરવાની રહેશે. જાણ કરવાની આ જવાબદારી ઉપર જણાવેલ ભલામણો સાથે સુસંગત અથવા પિનને સુરક્ષિત રાખવા માટે

લેવાયેલ અન્ય કોઈપણ પગલાં નિષ્ફળ જવા સાથે સુસંગત કાર્ડધારક દ્વારા લેવામાં આવેલ કોઈપણ પગલાંના સંદર્ભમાં પણ લાગુ થશે.

3. કાર્ડધારક દ્વારા સૂચના મળ્યા બાદ, બેંકનો કસ્ટમર કેર વિભાગ કાર્ડના ઉપયોગ દ્વારા વિનંતી કરવામાં આવેલ વધુ લેવડદેવડના કોઈ વ્યવહારને બ્લૉક કરવો પ્રયત્ન કરશે અ ગુમ થયેલ. ચોરાયેલ અથવા ક્ષતિગ્રસ્ત કાર્ડ(કાર્ડ્સ)ના આગળ ઉપયોગને રોકવાનો પ્રયત્ન કરશે. કાર્ડધારકને કાર્ડ મળી જાય તો પણ, એકવાર કાર્ડ અને પિન બ્લૉક કર્યા બાદ, કાર્ડધારક કાર્ડનો ફરીથી ઉપયોગ કરી શકતા નથી.

કાર્ડધારકની જવાબદારી

કાર્ડના ઉપયોગને કારણે થયેલ તમામ નુકસાન માટે કાર્ડધારક જવાબદાર ગણાશે જેમાં નીચેનું પણ સામેલ છેઃ

1. એવી પરિસ્થિતિઓ જેમાં કાર્ડ અને/અથવા પિનના ઉપયોગને કારણે કથિત અનધિકૃત લેવડદેવડને અસર થઈ છે અથવા
2. એવી પરિસ્થિતિઓ જ્યાં કથિત રીતે કાર્ડ અને/અથવા પિનનો દુરૂપયોગ, હાનિ થયા છે અને આવી જવાબદારી ચાલુ રહે છે જ્યાં સુધી:

   (i) કાર્ડ અને/અથવા પિનના ઉપયોગને કારણે અસરગ્રસ્ત અનધિકૃત લેવડદેવડ વિશે બેંકને જાણ કરવામાં આવી હોય, અને

   (ii) બેંક દ્વારા કાર્ડ અને/અથવા પિનના વધુ ઉપયોગને સફળતાપૂર્વક બ્લૉક કરવામાં આવે.

બેંકની જવાબદારીની બાકાતી

1. કાર્ડ અને/અથવા પિનના અસરકારક ઉપયોગને કારણે કરેલ અથવા કાર્ડ અને/અથવા પિનના દુરૂપયોગ માટે, ગુમ થવા માટે અથવા ચોરાવાને કારણે થયેલ અનધિકૃત લેવડદેવડ માટે બેંક કોઈ જવાબદારી ભોગવશે નહીં.
2. પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે નીચેના કારણોસર તમામ પગલાં, દાવા, માંગ, કાર્યવાહી, નુકસાન, ક્ષતિ, વ્યક્તિગત ઈજા(વાસ્તવિક અથવા પ્રતિષ્ઠાભંગ અથવા માનહાનિ કે એવું કંઈક), ખર્ચ, ચાર્જ અને કિંમતોના સંબંધમાં બેંક કાર્ડધારક પરત્વે કોઈ જવાબદારી હેઠળ નથીઃ:

   I. કાર્ડ અને/અથવા પિનના કોઈ ઉપયોગ માટેઃ;

   II. કાર્ડને મંજૂર કરવામાં કે સ્વીકારવામાં કોઈ વ્યક્તિ અથવા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ દ્વારા નકાર,

   III. કોઈ એટીએમ/પીઓએસ ટર્મિનલ જે બગડેલું હોય અથવા બંધ હોય, અને આવા ટર્મિનલ દ્વારા કાર્ડ અને/અથવા પિન કે અન્યની અસ્વીકૃતિ;

   IV. કાર્ડધારક સહિત કોઈપણ વ્યક્તિ દ્વારા કાર્ડનો દુરૂપયોગ અથવા છેતરામણો ઉપયોગ;

   V. કાર્ડના સરન્ડર/કેન્સલેશનની વિનંતી માટે કોઈ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલ કોઈ નિવેદન અથવા તેના સંબંધમાં કોઈ વ્યક્તિ દ્વારા લેવાયેલ કોઈ પગલાં;

   VI. કાર્ડધારક દ્વારા બેંકના સ્થળે, બેંકના નિયુક્ત કર્મચારી સિવાય કોઈ અન્ય વ્યક્તિને કાર્ડની સોંપણી;

VII. કાર્ડના પાના પર દર્શાવેલી અંતિમ તારીખ પહેલાં કાર્ડના સરન્ડરની માંગ કરવાના અને મેળવવાના બેંકના અધિકારનો ઉપયોગ, ભલે આવી માંગ અને સરન્ડર બેંક અથવા અન્ય કોઈ વ્યક્તિ અથવા એટીએમ/પીઓએસ ટર્મિનલ પર કરવામાં આવી હોય અને/અથવા મેળવવામાં આવ્યું હોય;

VIII. કોઈપણ કાર્ડ રદ કરવાના બેંકના અધિકારનો ઉપયોગ;

IX. કાર્ડની પુનઃમાલિકી/રદ અને/અથવા તેને પરત કરવાની વિનંતી;

X. બેંકને જણાવવામાં આવેલ કોઈપણ વિગતમાં ખોટું નિવેદન, ખોટી રજૂઆત, ક્ષતિ અથવા લોપ.;

XI. કાર્ડના તેના વિદેશી ચલણના હક્કથી વધુના કિસ્સામાં કાર્ડ અને/અથવા પિનના પ્રોસેસિંગની નામંજૂરી,

XII. બેંક અથવા બેંક વતી કામ કરતી કોઈ વ્યક્તિ દ્વારા કાર્ડધારક પાસેથી ફોરેક્સ ફંડથી વધુ આઉટસ્ટેન્ડિંગ ડ્યૂ/ફંડના સેટલમેન્ટ માટેની માંગ કે દાવાની પ્રાપ્તિ;

XIII. કાર્ડનો ઉપયોગ અને/અથવા ફોરેક્સ ફંડનો એક્સેસ રદ કરવા પર, સ્થગિત કરવા પર, બ્લૉક કરવા કે નકારવા પર બીજી બાબતોની સાથે, જ્યારે કોઈ વ્યક્તિ બાકી ફોરેક્સ ફંડ મેળવવા માટે/કાર્ડનો ઉપયોગ કરવા માટે યોગ્ય અધિકારી છે કે નહીં તે નક્કી કરવાનું જરૂરી બને અને/અથવા લાગૂપાત્ર કાયદાઓ, શરતો અને નિયમો અથવા કોઈપણ યોગ્ય સત્તાના આદેશો અનુસાર અન્ય કોઈ પગલાં લેવા જરૂરી હોય.

લૉડ કરવાના હોય તેનાથી વધુ ફોરેક્સ ફંડની પ્રાપ્તિ

જો કાર્ડધારકને ફોરેક્સ ફંડ કરતાં વધુ ફંડ પ્રાપ્ત થાય તો, બેંક દ્વારા નિર્ધારીત કરેલ નિયમો અને શરતો પર કાર્ડધારક ત્વરીત જ આઈડીએફસી ફર્સ્ટ બેંકને તે પરત ચૂકવવાનું મંજૂર કરે છે.

જો બેંક પાસે એવું માનવાના કારણો હોય કે કોઈપણ કારણોસર(એટીએમ, પીઓએસ અથવા અન્ય કોઈ ઉપકરણ બગડી જવાના કારણે, અથવા બેંકની સિસ્ટમમાં ક્ષતિને કારણે) કાર્ડધારકને તેમણે વિનંતી કરી તેનાથી વધુ ફોરેક્સ ફંડ મળ્યું છે તો, બેંક દ્વારા તે વિશે કાર્ડધારકને જણાવવામાં આવશે અને બેંક દ્વારા નિર્ધારીત કરવામાં આવેલ શરતો અને નિયમો અનુસાર ફોરેક્સ ફંડમાંથી કાર્ડધારકને મળેલ અતિરિક્ત ફંડ કાપવામાં આવશે.

આ ઉપરાંત કાર્ડધારકનું એકાઉન્ટ જોઈન્ટ એકાઉન્ટ હોય કે એકલ એકાઉન્ટ હોય તોપણ બેંક આ પ્રકારના અતિરિક્ત ફંડ કાર્ડધારકના એકાઉન્ટ અથવા તેની કોઈપણ જૂથ કંપની સાથે જાળવેલા એકાઉન્ટમાંથી રીકવર કરવાનો અધિકાર ધરાવે છે, અને/અથવા બેંક દ્વારા નિર્ધારીત કરેલ નિયમો અને શરતો અનુસાર આવા અતિરિક્ત ફંડની તાત્કાલિક ચૂકવણી કરવાની સૂચનાની માંગ કરવાનો અધિકાર ધરાવે છે. કાર્ડધારક પાસે અતિરિક્ત આવેલા ફોરેક્સ ફંડમાંથી આઉટસ્ટેન્ડિંગ ડ્યૂ/ફંડના સેટલમેન્ટ માટેની માંગ અથવા ક્લેઈમ બેંક અથવા બેંક દ્વારા કામ કરતી કોઈ વ્યક્તિ દ્વારા કરવાની સ્થિતિમાં, કાર્ડધારકે બેંકને કાર્ડ પર આઉટસ્ટેન્ડિંગ તમામ રકમ અને/અથવા ફોરેક્સ ફંડમાં અતિરિક્ત મેળવેલ ફંડ બિનશરતી રૂપે પરત કરવાના રહેશે. આ

નિયમો અને શરતોમાં એવું કંઈપણ નથી જે બૅંક અને કાર્ડધારક વચ્ચે રહેલ કોઈપણ કાયદા અથવા અન્ય કોઈ કરાર અનુસાર બૅંકના ધારણાધિકાર, સેટઑફ, ટ્રાન્સફર અને ભંડોળની ફાળવણીના બૅંકના અધિકારને પ્રભાવિત કરી શકે.

વિવાદ

કાર્ડધારક દ્વારા સહી કરવામાં આવેલ ચાર્જ સ્લીપ અથવા અન્ય ચૂકવણીની માંગ, કાર્ડ અને/અથવા પિનના દુરુપયોગ, ગુમ થવાને કે ચોરાવાને કારણે વપરાશથી થયેલ અનધિકૃત લેવડદેવડ હોવાની કાર્ડધારક દ્વારા બૅંકને જાણ કર્યાની તારીખ બાદ સહી કરવામાં આવી હોય અને બૅંક દ્વારા આવું કાર્ડ અને/અથવા પિન સફળતાપૂર્વક બ્લૉક કરવામાં આવ્યું હોય તે સિવાય કાર્ડધારક દ્વારા સહી કરવામાં આવેલ અને ચૂકવણી માટે મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ દ્વારા પ્રાપ્ત થયેલ કોઈપણ ચાર્જ સ્લીપ અથવા અન્ય ચૂકવણીની માંગ આ પ્રકારની ચાર્જ સ્લીપ પર અથવા અન્ય માંગ પર રેકોર્ડ થયેલ રકમ કાર્ડના ઉપયોગ દ્વારા કાર્ડધારકને યોગ્ય રીતે થયેલ ખર્ચનો સંપૂર્ણ પુરાવો માનવામાં આવશે.

જો કાર્ડધારક તેના સ્ટેટમેન્ટમાં લખેલ ચાર્જ/રકમ સાથે અસહમત થવાનું પસંદ કરે તો, તે વિશે લેવડદેવડની તારીખથી 30(ત્રીસ) દિવસની અંદર બૅંકને જાણ કરવાની રહેશે, અને જો તેમ ન થાય તો, તમામ ચાર્જ/રકમ અને સ્ટેટમેન્ટ સંપૂર્ણપણે યોગ્ય છે અને કાર્ડધારકને સ્વીકાર્ય છે તેવું માનવામાં આવશે. અન્ય સ્થિતિમાં, જો કાર્ડધારકને લાગે કે કોઈ રકમ ફોરેક્સ ફંડમાંથી ભૂલથી ડેબિટ થઈ છે તો, કાર્ડધારકે તે વિશે બૅંકને જાણ કરવાની રહેશે અને જો ત્યારબાદની તપાસ પૂરી થયા બાદ, જો બૅંકને સંતુષ્ટિ હોય કે કાર્ડધારકના ફોરેક્સ ફંડમાંથી ચાર્જ યોગ્ય રીતે ડેબિટ કરવામાં આવ્યા છે તો, ત્યારબાદના સ્ટેટમેન્ટમાં બૅંક દ્વારા કોઈપણ ફી અથવા અન્ય રકમ સાથે તે ચાર્જ પુનઃસ્થાપિત કરવામાં આવશે.

આઈડીએફસી ફર્સ્ટ બૅંક દ્વારા સામાન અને સેવા, વગેરેની ગુણવત્તા વિશે કોઈ રજૂઆત, વૉરંટી વગેરે આપવામાં આવતી નથી

બૅંક દ્વારા કાર્ડધારકને(અથવા કાર્ડધારક દ્વારા દાવો કરવામાં આવેલ કોઈ વ્યક્તિ કે કાર્ડધારક અંતર્ગત કોઈ વ્યક્તિ) મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ સહિત કોઈ વ્યક્તિ ખાતે/સાથે કાર્ડના ઉપયોગથી લેવામાં આવેલ ખરીદવામાં આવેલ/ખરીદવા માટે પ્રસ્તાવિત/ભાડે લીધેલ અથવા અન્યથા સામાનની ગુણવત્તા માટે અને/અથવા લેવામાં આવેલ/લેવા માટે પ્રસ્તાવિત કોઈ સેવાની ગુણવત્તા માટે અથવા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ સહિત કોઈપણ વ્યક્તિ સાથે/ખાતે કાર્ડના ઉપયોગથી સામાન/સેવાઓની આપૂર્તિમાં વિલંબ, સામાન/સેવાઓની નોન-ડિલીવરી અથવા ક્ષતિગ્રસ્ત/હલકી ગુણવત્તાના સામાન/સેવાઓની પ્રાપ્તિ માટે કોઈ રજૂઆત અને/અથવા વૉરંટી આપવામાં આવતી નથી કે ખાતરી આપવામાં આવતી નથી.

મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ સહિત કોઈ વ્યક્તિ ખાતે/સાથે કાર્ડના ઉપયોગથી લેવામાં આવેલ ખરીદવામાં આવેલ/ખરીદવા માટે પ્રસ્તાવિત/ભાડે લીધેલ અથવા અન્યથા સામાનની ગુણવત્તા માટે અને/અથવા લેવામાં આવેલ/લેવા માટે પ્રસ્તાવિત કોઈ સેવાની ગુણવત્તા માટે અથવા મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ સહિત કોઈપણ વ્યક્તિ સાથે/ખાતે કાર્ડના ઉપયોગથી સામાન/સેવાઓની આપૂર્તિમાં વિલંબ, સામાન/સેવાઓની નોન-ડિલીવરી અથવા ક્ષતિગ્રસ્ત/હલકી ગુણવત્તાના સામાન/સેવાઓની પ્રાપ્તિના સંબંધમાં કોઈપણ વિવાદ કે દાવા કાર્ડધારકે (અથવા કાર્ડધારક દ્વારા દાવો કરવામાં આવેલ કોઈ વ્યક્તિ કે કાર્ડધારક અંતર્ગત કોઈ વ્યક્તિ) બેંકના સંદર્ભ વગર આવી વ્યક્તિ/મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ સાથે અરસપરસ સુલઝાવવાના રહેશે.

ઈમર્જન્સી તબીબી અને ફોરેક્સ સહાય અને અન્ય સેવાઓના સંબંધમાં બેંક દ્વારા ડિસ્ક્લેઈમર.

કાર્ડ દ્વારા ઈમર્જન્સી તબીબી અને ફોરેક્સ સહાય અને કોન્સિયર્જ(વ્યક્તિગત સહાય સેવાઓ)ના સર્વિસ પ્રોવાઈડર્સ દ્વારા આપવામાં આવેલ સેવાઓની ગુણવત્તા, સેવાઓની ડિલીવરીમાં વિલંબ, સેવાઓની નોન-ડિલીવરી, અથવા ક્ષતિગ્રસ્ત/ઉતરતી કક્ષાની સેવાઓની પ્રાપ્તિ માટે બેંક જવાબદાર ગણાશે નહીં અને આ ઉપરાંત, આપવામાં આવેલ સેવાઓની ગુણવત્તા, સેવાઓની ડિલીવરીમાં વિલંબ, સેવાઓની નોન-ડિલીવરી, અથવા ક્ષતિગ્રસ્ત/ઉતરતી કક્ષાની સેવાઓની પ્રાપ્તિને કારણે કાર્ડધારકને ભોગવવા પડેલ કોઈપણ પગલાં, દાવા, કાર્યવાહી, નુકસાન, ક્ષતિ, વ્યક્તિગત ઈજા(વાસ્તવિક અથવા પ્રતિષ્ઠામાં હાનિ, માનહાનિ કે તેના જેવું), ખર્ચ, ચાર્જ અને કિંમત માટે બેંક જવાબદાર ગણાશે નહીં.

આ ઈમર્જન્સી તબીબી અને ફોરેક્સ સહાય અને અન્ય સેવાઓ હાલમાં ભારત, નેપાલ અને ભૂતાનમાં ઉપલબ્ધ નથી. આ ઈમર્જન્સી તબીબી અને ફોરેક્સ સહાય અને અન્ય સેવાઓ ટ્રાન્સફર કરી શકાતી નથી અને તે ફક્ત કાર્ડધારક માટે ઉપલબ્ધ છે. આ સેવાઓ આપતા પહેલાં સર્વિસ પ્રોવાઈડર ઓળખની ખરાઈ કરવાનો અબાધિત અધિકાર ધરાવે છે.

જ્યાં પણ લાગૂપાત્ર હોય ત્યાં, આવી ઈમર્જન્સી તબીબી અને ફોરેક્સ સહાય અને અન્ય સેવાઓ માટેના લાગૂપાત્ર ખર્ચ, ચાર્જ અને ફી વિશે કાર્ડધારકને આવી સેવા/ઓ મેળવતા પહેલાં જાણ કરવામાં આવશે અને ત્યારબાદ ફોરેક્સ ફંડમાંથી બાદ કરવામાં આવશે. કોઈપણ ઈમર્જન્સી તબીબી અને ફોરેક્સ સહાય અને અન્ય સેવાઓની પ્રાપ્તિમાં એવી ચૂકવણી હોય જે સર્વિસ પ્રોવાઈડરે કરવાની હોય તો તેવી સ્થિતિમાં, આવી સેવાઓની જોગવાઈ/આવી સેવાઓ માટેની ચૂકવણી, કાર્ડધારકના કાર્ડમાંથી અથવા કાર્ડધારકના પરિવાર દ્વારા કાર્ડધારક પાસેથી સર્વિસ પ્રોવાઈડર દ્વારા ચૂકવણીની વસૂલાતને આધીન છે. સર્વિસ પ્રોવાઈડરે ખાતરી કરવાની રહેશે કે સેવાઓના સંબંધમાં તમામ થર્ડ-પાર્ટી ખર્ચ માટે આ સેવાઓ માટે કાર્ડધારક સંપૂર્ણપણે જવાબદાર છે તે વિશે આ સેવાઓની માંગ કરનાર કાર્ડધારકને સંપૂર્ણપણે જાણ કરવામાં આવી છે. સંપૂર્ણપણે કાર્ડધારકની જવાબદારી હોય તેવા થર્ડ પાર્ટી તરફથી થયેલ કોઈપણ ખર્ચ, ચાર્જ, ફી અને/અથવા લાદવામાં આવેલ/ચાર્જ કરવામાં આવેલ ખર્ચ માટે બેંક અથવા સર્વિસ પ્રોવાઈડર જવાબદાર રહેશે નહીં.

કાર્ડધારકની ક્ષતિપૂર્તિ માટેની જવાબદારી.

બૅંક દ્વારા કાર્ડધારકને કાર્ડ અને અન્ય સંબંધિત સેવાઓને ધ્યાનમાં રાખીને, બૅંકને કોઈપણ સમયે થઈ શકે તેવા, જાળવવા પડે કે ભોગવવા પડે અથવા પરિણામરૂપી અથવા કારણસર તમામ પગલાં, દાવા, માંગ, કાર્યવાહી, નુકસાન, ક્ષતિ, વ્યક્તિગત ઈજા, ખર્ચ(કાનૂની ખર્ચ સહિત), ચાર્જ, કિંમત માટે ક્ષતિપૂર્તિ કરવાની અને બૅંકને નુકસાનથી સુરક્ષિત રાખવા માટે કાર્ડધારક મંજૂરી આપે છે.

કાર્ડધારકે તેમના દ્વારા સમયે સમયે અમલી લાગૂપાત્ર કાયદાઓ, નિયમો અને શરતોનું પાલન ન કરવાના પરિણામરૂપ અથવા તેના કારણે ઉદભવતી તમામ જવાબદારીઓ, ડ્યૂ, નુકસાન, દંડ, પગલાંઓ, દાવા અને ખર્ચ વગેરે સામે ક્ષતિપૂર્તિ કરવાની અને બૅંકને નુકસાનથી સુરક્ષિત રાખવાની મંજૂરી આપવાની રહેશે.

ખર્ચ, ચાર્જ અને ફી

કાર્ડધારક દ્વારા આ સાથે નીચેનાની પુષ્ટિ કરવામાં આવે છે અને સંમતિ આપવામાં આવે છેઃ

1. કાર્ડની ફાળવણી અથવા વપરાશ સાથે સંબંધિત તમામ લાગૂપાત્ર ખર્ચ, ચાર્જ અને ફી આપમેળે કાર્ડધારકના ફોરેક્સ ફંડમાંથી કપાત કરવામાં આવશે. હાલમાં અમલી ખર્ચ, ચાર્જ અને ફીની વિગતો કાર્ડધારકને આપવામાં આવેલ કાર્ડ કીટમાં અથવા ચાર્જના સમયપત્રકમાં જે પણ લાગૂ હોય તે પ્રમાણે ઉપલબ્ધ છે. આ પ્રકારના ખર્ચ, ચાર્જ અને ફી બૅંક દ્વારા સમયે સમયે બદલાવને આધીન છે અને અદ્યતન લાગૂપાત્ર ખર્ચ, ચાર્જ અને ફી વિશેની જાણકારી બૅંકને કૉલ સેન્ટર પર કૉલ કરીને જાણી શકાય છે. ચાર્જમાં થયેલ બદલાવ ફોરેક્સ કાર્ડ – વિવિધ કરન્સી વિકલ્પો સાથે ખરીદો ફોરેક્સ ટ્રાવેલ કાર્ડ | આઈડીએફસી ફર્સ્ટ બૅંક પર પણ પ્રકાશિત કરવામાં આવે છે.
2. ખર્ચ, ચાર્જ અને ફીમાં વિથડ્રોઅલ ફી અને ચલણ રૂપાંતરણ દર પણ સામેલ છે અને તેમાં થર્ડ પાર્ટી દ્વારા જરૂરી અતિરિક્ત/વધારાના ખર્ચ/ફી કે અન્યનો પણ સમાવેશ થઈ શકે છે.
3. વિથડ્રોઅલ ફી લાગૂપાત્ર છે અને સમયે સમયે બૅંક દ્વારા પ્રકાશિત ચાર્જના સમયપત્રક અનુસાર કાર્ડધારક દ્વારા એટીએમમાંથી કરેલ પ્રત્યેક વિથડ્રોઅલ માટે ફોરેક્સ ફંડમાં તે બાદ કરવામાં આવશે.
4. આ ઉપરાંત, શેર્ડ નેટવર્કના માલિક/સંચાલકો દ્વારા એસેસ કરવામાં આવેલ અને લાગૂ કરવામાં આવેલ ખર્ચ/ચાર્જ/ફી પણ લાગૂપાત્ર રહેશે અને શેર્ડ નેટવર્કમાં સામેલ એટીએમમાંથી પ્રત્યેક વિથડ્રોઅલ માટે ફોરેક્સ ફંડમાંથી બાદ કરવામાં આવશે.
5. જે ચલણમાં કાર્ડ ફાળવવામાં આવ્યું હોય તે સિવાયના ચલણમાં કાર્ડધારક ફોરેક્સ ફંડ મેળવે તો, અતિરિક્ત 3.5% વત્તા લાગૂપાત્ર જીએસટી જેટલો વધારાનો રૂપાંતરણ દર લાગૂ પડશે(અથવા બૅંક દ્વારા સમયે સમયે નિયત કરવામાં આવતા વધું ઉંચા/અન્ય દરે), અને તે ફોરેક્સ ફંડમાંથી બાદ કરવામાં આવશે. કાર્ડધારકની

સંમતિ વગર આવા દર બદલાઈ શકે છે કે સુધારાઈ શકે છે અને આવા બદલાયેલ કે સુધરાયેલ દર પણ લાગૂપાત્ર રહેશે અને ફોરેક્સ ફંડમાંથી બાદ કરવામાં આવશે. 'ચલણ રૂપાંતરણ દર' ની કલમમાં રૂપાંતરણ દરની વિગતો નિયત કરવામાં આવી છે.

6. આવા ખર્ચ, ચાર્જ કે ફીને બાદ કરવા માટે ફોરેક્સ ફંડ પર્યાપ્ત ન હોય તેવી પરિસ્થિતિમાં, કાર્ડધારક અને/અથવા કાર્ડધારક દ્વારા બેંક કે તેથી જૂથ કંપનીઓ સાથે જાળવવામાં આવતા કોઈપણ ખાતામાંથી(જોઈન્ટ એકાઉન્ટ સહિત) તેની સીધી જ વસૂલાત કરવાનો અને આગળ, કાર્ડના ઉપયોગ દ્વારા કોઈપણ ત્યારબાદની લેવડદેવડને નકારવાનો/નામંજૂર કરવાનો અધિકાર બેંક ધરાવે છે.

7. કાર્ડના ઉપયોગના પરિણામે ચૂકવવાપાત્ર ટેક્સ અથવા ડ્યૂટી સહિત કોઈપણ વૈધાનિક કર કાર્ડધારકની જવાબદારી રહેશે અને જો તેને બેંક પર લાદવામાં આવે/પાસેથી વસૂલવામાં આવે/પાસેથી વસૂલવાનું કહેવામાં આવે તો, (પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે), તો આવા વૈધાનિક કર ફોરેક્સ ફંડમાંથી બાદ કરવામાં આવશે અને/અથવા કાર્ડધારક પાસેથી પ્રત્યક્ષરૂપે અને/અથવા કાર્ડધારક દ્વારા બેંક અથવા તેની કોઈ જૂથ કંપની સાથે જાળવવામાં આવતા કોઈ ખાતામાંથી રીકવર કરવામાં આવશે. ચલણ રૂપાંતરણ પર લાગૂપાત્ર જીએસટી, ટેક્સ કલેક્ટેડ એટ સૉર્સ(ટીસીએસ) અને અન્ય ટેક્સ લેવડદેવડની તારીખે જ તમારા ખાતામાંથી ડેબિટ કરવામાં આવશે.

8. ગ્રાહક દ્વારા વિદેશમાં લેવામાં આવેલ સેવાઓને કારણે તમામ આઉટસ્ટેન્ડિંગ ડ્યૂ માટે જો વૉલેટ ઓવરડ્રો/અપર્યાપ્ત હોય અથવા ખાતા પર સેટ ઑફ/ધારણાધિકાર અંકિત થયો હોય, અન્ય કોઈ વર્તમાન અથવા કાર્ડધારકના ખાતામાં એકલા નામે કે સંયુક્ત નામે રહેલી ભાવિ ડિપોઝીટ પર અન્ય કોઈ ધારણાધિકાર કે ચાર્જને ધ્યાનમાં લીધા વગર, બેંક તે આઉટસ્ટેન્ડિંગ ડ્યૂ વસૂલવાનો અધિકાર ધરાવશે.

ચલણ રૂપાંતરણ દર

કાર્ડ જે ચલણમાં ફાળવવામાં આવ્યું હોય તે સિવાયના (બાદમાં બદલાયેલ) અન્ય ચલણમાં ફોરેક્સ ફંડ મેળવવામાં આવે તો, પ્રવર્તમાન તારીખે ચલણ રૂપાંતરણ દર અનુસાર આ નવા ચલણમાં ફોરેક્સ ફંડ રૂપાંતરિત કરવામાં આવશે. કાર્ડધારક દ્વારા એટીએમમાંથી જે ચલણમાં કાર્ડ ફાળવવામાં આવ્યું હોય(કે બાદમાં ચાર્જ કરેલ) તે સિવાયના અન્ય ચલણમાં ફોરેક્સ ફંડ મેળવવાની પરિસ્થિતિનો પણ સમાવેશ થાય છે.

ચલણ રૂપાંતરણ દર એટલે એ રકમ રહેશે જે લેવડદેવડ પ્રોસેસ થવાના સમયે નેટવર્ક ઈન્ટરનેશનલ પોલિસી અને કાર્યવાહીઓ અનુસાર કાર્ડ પર રહેલ ચલણના નવા ચલણમાં રૂપાંતરણ માટે ફોરેક્સ ફંડમાંથી બાદ કરવામાં આવશે.

હાલમાં, વિઝા ઈનેબલ્ડ કાર્ડ્સ માટે, વિઝા ઈન્ટરનેશનલ પોલિસી અને કાર્યવાહીઓ અન્ય બાબતોની સાથે જણાવે છે કે જ્યાં લેવડદેવડ સમાન દિવસે થઈ હોય (ફોરેક્સ ફંડના વિથડ્રોઅલ દ્વારા અથવા અન્ય રીતે) ત્યાં, ઉપયોગમાં લેવાનાર ચલણ રૂપાંતરણ દર નીચે મુજબ હોઈ શકે છેઃ

I. પ્રોસેસિંગના આગલા દિવસે અસરમાં રહેલ જથ્થાબંધ બજાર દર, અથવા
II. પ્રોસેસિંગના આગલા દિવસે અસરમાં રહેલ સરકારના આદેશ મુજબનો દર; બેમાંથી જે પણ હોય તે વિઝા ઈન્ટરનેશનલ દ્વારા સમયે સમયે સ્થાપિત ફી દ્વારા બદલાઈ શકે છે

આગળના વિભાગોમાં દર્શાવ્યા અનુસાર, બૅંક દ્વારા અતિરિક્ત ચલણ રૂપાંતરણ દર/ફી લાગૂ કરવામાં આવે છે જે હાલમાં 3.5% વત્તા લાગૂપાત્ર જીએસટી છે(અને તે બૅંક દ્વારા સમયે સમયે નિયત કર્યા અનુસારનો ઉંચો દર/અન્ય દર હોઈ શકે છે), અને તે ફોરેક્સ ફંડમાંથી બાદ કરવામાં આવશે. ઉપરોક્તના સંદર્ભમાં તે વિઝા ઈન્ટરનેશનલ દ્વારા જરૂરી ચલણ રૂપાંતરણ દર/ફી/ખર્ચ/ચાર્જ અથવા અન્યથી અલગ છે.

ડિસ્ક્લોઝર

I. કાર્ડધારક દ્વારા મંજૂર કરવામાં આવે છે કે કાર્ડ સુવિધાના તેમના/તેણીના ઉપયોગની જાણકારીનું આ પ્રકારની સુવિધાઓ આપતી બૅંકો અને નાણાંકીય એકમો વચ્ચે આદાનપ્રદાન થઈ શકે છે.
II. કાર્ડ માટેની અરજીની સ્વીકૃતિ કાર્ડધારકની ક્રેડિટ યોગ્યતા વિશેના પ્રતિકૂળ અહેવાલ ન મળવા પર આધારીત છે.
III. ફોરેક્સ કાર્ડમાં કોઈ ચૂક અથવા કાર્ડધારકની ફોરેક્સ કાર્ડ સુવિધા પાછી ખેંચવા વિશે બૅંક અન્ય બૅંકો અથવા નાણાંકીય એકમોને જણાવી શકે છે.
IV. પ્રતિકૂળ અહેવાલ મળવા પર (કાર્ડધારકની અથવા તેના/તેણીના પરિવારના સભ્યોની ક્રેડિટ યોગ્યતા સંબંધમાં), બૅંક લેખિતમાં 15 દિવસ પહેલાં નોટિસ આપ્યા બાદ, ફોરેક્સ કાર્ડ રદ કરી શકે છે જ્યાં ફોરેક્સ કાર્ડના સંબંધમાં સમગ્ર આઉટસ્ટેન્ડિંગ બેલેન્સ તેમજ ફોરેક્સ કાર્ડમાં હજી સુધી બિલ ન થયેલ પરંતુ ફોરેક્સ કાર્ડના ઉપયોગને કારણે થયેલ અન્ય કોઈપણ ચાર્જ, તાત્કાલિક ધોરણે કાર્ડધારક દ્વારા ચૂકવવાપાત્ર રહેશે.
V.

કાર્ડના ઉપયોગ/ફોરેક્સ ફંડના એક્સેસને રદ/બ્લૉક/નામંજૂર કરવાનો અધિકાર

નીચેની કોઈપણ ઘટનાની સ્થિતિમાં બૅંક કાર્ડના ઉપયોગને/ફોરેક્સ ફંડના એક્સેસને હંગામી ધોરણે કે કાયમી ધોરણે રદ કરવાનો/બ્લૉક કરવાનો/નામંજૂર કરવાનો અધિકાર ધરાવે છેઃ

i. અહીં આપેલ શરતોને વળગી રહેવામાં કે તેનું પાલન કરવામાં નિષ્ફળતા.
ii. કાર્ડધારકનું કોઈ દેવાળા, નાદારી કાર્યવાહી અથવા તે પ્રકારની કાર્યવાહીમાંથી પસાર થવાની સ્થિતિમાં.
iii. કાર્ડધારકનું મૃત્યુ,

iv. જ્યારે તે નિશ્ચિત કરવાનું જરૂરી બની જાય કે કોઈ વ્યક્તિ ફોરેક્સ ફંડ મેળવવા માટે/કાર્ડનો ઉપયોગ કરવા માટે ઉચિત અધિકાર ધરાવે છે કે નહીં અને/અથવા
v. લાગૂપાત્ર કાયદાઓ, નિયમો અને શરતો અથવા કોઈપણ યોગ્ય સત્તાના આદેશો દ્વારા જરૂરી અન્ય કોઈ પગલાં લેવા માટે.

અહીં આપેલ કોઈપણ વસ્તુ ઉપરાંત, બૅંક કોઈપણ સમયે નોટિસ કે કારણ આપ્યા વગર, કાર્ડધારક દ્વારા તેમના વપરાશની તમામ અથવા કોઈ સેવા સ્થગિત કે રદ કરી શકે છે. આ નિયમો અને શરતોની તમામ જોગવાઈઓ જે તેમના અર્થને અસરકારક બનાવવા સેવાઓની સ્થગિતતા અથવા રદ્દીકરણ અને/અથવા કાર્ડધારક દ્વારા સેવાઓના ઉપયોગ પછી પણ ચાલુ રહેશે, અને કાર્ડના સસ્પેન્શન અથવા રદીકરણ પછી પણ સંપૂર્ણપણે અસરમાં અને ચાલુ રહેશે. આવા સસ્પેન્શન અને રદ્દીકરણ બાદ પણ કાર્ડધારકે કરવાની કે ડિસ્ચાર્જ કરવાની બાકી હોય તેવી કોઈપણ જ ફરજ કે જવાબદારીની પૂર્તિ સુધી કાર્ડધારક આ નિયમો સાથે જોડાયેલા રહેશે.

નિયામક કાયદો અને ન્યાયક્ષેત્ર

આ નિયમો અને શરતો ઉપરાંત, કાર્ડધારક દ્વારા કાર્ડનો ઉપયોગ ભારતના કાયદા, નિયમો અને શરતો દ્વારા સંચાલિત છે. તમામ વિવાદો વિશિષ્ટપણે ફક્ત મુંબઈ, ભારતની અદાલતોના ન્યાયક્ષેત્રને આધીન છે.

પક્ષો(દા.ત. કાર્ડધારક અને બૅંક) આ સાથે મંજૂર કરે છે કે કાર્ડધારક દ્વારા (અને/અથવા કાર્ડધારક દ્વારા અથવા અંતર્ગત દાવો કરતી કોઈપણ વ્યક્તિ દ્વારા) સ્થાપિત કાર્ડ માટે કોઈપણ નિયમો અને શરતોને કારણે ઉભા થતા કોઈપણ દાવો, કાનૂની પગલાં અથવા કાર્યવાહીઓ ભારતમાં મુંબઈ ખાતેની અદાલતો અને અધિકરણ સમક્ષ લાવવામાં આવશે અને બંને પક્ષોએ કાયમી રૂપે આ પ્રકારની અદાલતો અને અધિકરણ સમક્ષ પ્રસ્તુત રહેવાનું રહેશે.

વિભાજ્યતા અને વેઈવર

આ નિયમો અને શરતોની દરેક જોગવાઈ વિભાજ્ય છે અને અન્યથી અલગ છે અને જો કોઈપણ સમયે, એક અથવા વધુ જોગવાઈ કોઈપણ ન્યાયક્ષેત્રના કાયદાઓ અંતર્ગત ગેરકાનૂની હોય કે બને અથવા કોઈપણ રીતે અમલમાં મૂકવા અયોગ્ય બને તો, બાકીની જોગવાઈઓની કાયદેસરતા, માન્યતા અને અમલયોગ્યતાને કોઈપણ રીતે અસર થશે નહીં.

આ નિયમો અને શરતો અંતર્ગત અથવા આવા હકો, શક્તિઓ અને ઉપાયોના વધુ ઉપયોગ અંતર્ગત, બૅંકનું કોઈપણ પગલું, વિલંબ કે ચૂક તેના અધિકારો, શક્તિ અને ઉપાયોને અસર કરશે નહીં. આ નિયમો અને શરતો અંતર્ગત આપેલ અધિકારો અને ઉપાયો સંચિત છે અને કાયદા દ્વારા પૂરા પાડવામાં આવતા અન્ય અધિકારો અને ઉપાયોથી અલગ નથી.

એસાઈન્મેન્ટ (ફાળવણી)

કાર્ડધારક પુષ્ટિ કરે છે કે બૅંક કાર્ડધારકની મંજૂરી લીધા વગર ફોરેક્સ કાર્ડના સંબંધમાં તેના તમામ અધિકાર અને ફરજો તેમની સંપૂર્ણ મુનસફી અનુસાર તેમને યોગ્ય લાગે તે રીતે ત્રીજી વ્યક્તિને આપી શકે છે, ટ્રાન્સફર કરી શકે છે કે પાઠવી શકે છે.

અન્ય

બૅંક કાર્ડધારકને કેટલીક સુવિધાઓ, સભ્યપદ અને સેવાઓ તેમને યોગ્ય લાગે તે ફી અને નિયમો અને શરતો હેઠળ આપવાનો અધિકાર ધરાવે છે. કંઈપણ સામેલ હોય તેને ધ્યાનમાં લીધા વગર, બૅંક કાર્ડધારકને પૂર્વ સૂચના આપ્યા વગર અને કાર્ડધારક પરત્વે કોઈ જવાબદારી વગર ફી માફ કરવાનો કે ઓછી કરવાનો કે આવા લાભ પાછા ખેંચવાનો અધિકાર ધરાવે છે. નિયમો અને શરતોના ભંગને કારણે કાર્ડના સભ્યપદની સમાપ્તિ, આપમેળે આવી સુવિધાઓ અને સેવાઓની સમાપ્તિમાં પરિણમશે. બૅંક દ્વારા, મર્ચન્ટ એસ્ટાબ્લીશમેન્ટ દ્વારા અથવા થર્ડ પાર્ટી દ્વારા આવી સુવિધાઓ, સભ્યપદ કે સેવાઓની પૂર્તિના પ્રદર્શનમાં કોઈ ક્ષતિ કે ભંગ માટે કે પ્રદર્શનમાં નિષ્ફળતા માટે બૅંક કોઈપણ રીતે જવાબદાર ગણાશે નહીં.

કાર્ડધારક દ્વારા તેની/તેણીની અરજીમાં આપવામાં આવેલ અને સર્વેક્ષણ દરમ્યાન આપવામાં જાણકારીનો, કન્ઝ્યુમર રિપોર્ટ સહિત બાહ્ય સ્રોત તરફથી મળેલ જાણકારીનો ઉપયોગ બૅંક/સહયોગીઓ દ્વારા હાથ ધરવામાં આવતા માર્કેટિંગ રિપોર્ટ અને પ્રવૃત્તિઓ માટે કરવાનો અધિકાર ધરાવે છે અને કાર્ડધારક માટે માર્કેટિંગ ઑફરો વિકસાવવા માટે બૅંક જેની સાથે કામ કરતી હોય તે કંપનીઓ દ્વારા મેઈલિંગ યાદી તૈયાર કરવા માટે બૅંક આ જાણખારીનો ઉપયોગ કરી શકે છે.

કાર્ડ પર સમયે સમયે આપવામાં આવતી પોલિસીઓ, લાક્ષણિકતાઓ અને લાભને સુધારવાનો બૅંક અધિકાર ધરાવે છે. કાર્ડધારક આવા સુધારા/બદલાવને આધીન રહેશે સિવાય કે આવા સુધારા/બદલાવની તારીખ પહેલાં કાર્ડ કેન્સલેશન માટે બૅંકને પરત કરવામાં આવ્યું હોય.

સેટ ઑફ માટેના સામાન્ય અધિકાર અથવા કાયદા અંતર્ગત આપવામાં અથવા અન્ય કોઈ કરાર અંતર્ગત આપવામાં આવેલ અન્ય કોઈ અધિકાર ઉપરાંત, બૅંક નોટિસ આપ્યા વગર, કાર્ડધારક દ્વારા બૅંક સાથે કે તેની જૂથ કંપનીઓ સાથે જાળવવામાં આવતા અન્ય કોઈ એકાઉન્ટ સાથે ફોરેક્સ કાર્ડના બેલેન્સને સંયોજીત કે સંઘટિત કરી શકે છે અને
આવા એકાઉન્ટમાં ક્રેડિટમાં રહેલ રકમને તેના/તેણીના ફોરેક્સ કાર્ડ અંતર્ગત બૅંક તરફ કાર્ડધારકની જવાબદારીને પૂરી કરવા માટે સેટ-ઑફ કે ટ્રાન્સફર કરી શકે છે. કાર્ડના અરજી ફોર્મમાં દર્શાવ્યા અનુસારના તેમના/તેણીના સરનામામાં કોઈપણ ફેરફાર વિશે કાર્ડધારકે પહેલેથી બૅંકને જણાવવાનું રહેશે. કોમ્યુનિકેશન માટે બૅંકને સાચા સરનામાની જાણ કરવામાં આવી છે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સંપૂર્ણપણે કાર્ડધારકની રહેશે અને ખોટા સરનામાને કારણે કાર્ડધારક માટે કોઈપણ નુકસાન કે જવાબદારીમાં પરિણમે તેવી કોઈપણ જવાબદારીને બૅંક નકારે છે.

બેંક અથવા તેના સહયોગીઓ દ્વારા સમય સમય પર કાર્ડધારક દ્વારા મેળવવામાં આવેલ સુવિધાઓ/સેવાઓ માટે સૂચવવામાં આવેલા તમામ નિયમો અને શરતોનું પાલન કરવા અને અનુસરવા માટે કાર્ડધારક મંજૂરી આપે છે અને આ સાથે મંજૂર કરે છે કે ઇન્ટરનેટ, વર્લ્ડ વાઇડ વેબ, ઇલેક્ટ્રોનિક ડેટા ઇન્ટરચેન્જ, કોલ સેન્ટર્સ, ટેલિસર્વિસ ઓપરેશન્સ (વોઈસ, વીડિયો, ડેટા અથવા તેનું સંયોજન) સહિતની રિમોટ લેવડદેવડ કરવા માટેની સુવિધાઓ દ્વારા અથવા ઇલેક્ટ્રોનિક, કમ્પ્યુટર, ઑટોમેટેડ મશીન મશીન નેટવર્ક અથવા ટેલિકોમ્યુનિકેશનના અન્ય માધ્યમો દ્વારા, બેંક અથવા તેના સહયોગીઓ દ્વારા અથવા વતી સ્થાપિત કરવામાં આવેલા આવા સુવિધાઓ/સેવાઓના સંદર્ભમાં કરવામાં આવેલી તમામ લેવડદેવડ, જ્યારે બેંક અથવા તેના સહયોગીઓ દ્વારા સમય સમય પર સૂચવવામાં આવેલી આવી સુવિધાઓ/સેવાઓ માટે સૂચવવામાં આવેલા નિયમો અને શરતો અનુસાર કરવામાં આવે ત્યારે કાયદેસર રીતે બંધનકર્તા અને માન્ય લેવડદેવડ ગણાશે.

આ નિયમો અને શરતોમાં બદલાવ

બૅંક કોઈપણ સમયે આ નિયમો અને શરતો, વર્તમાન બેલેન્સને અસર કરે તેવા બદલાવ, ચાર્જ અથવા દર અને ગણતરીની પદ્ધતિમાં બદલાવ સહિત પરંતુ મર્યાદા વગર ફોરેક્સ કાર્ડની લાક્ષણિકતાઓ અને લાભમાં ફેરફાર કરવાનો અધિકાર ધરાવે છે.